Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૧ • તા. ૨૧ મે ૨૦૧૮ થી ૨૭ મે ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCS/217/2018-20

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।  ।। શ્રી મોટી ખાવડી તીર્થ ।।  ।। શ્રી ચંદ્રપ્રભસ્વામીય નમઃ ।।

## આમંત્રણમ્....

## જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મોટી ખાવડી.

**શ્રી. મોટી ખાવડી નગરે ધ્વજા રોહણ તેમજ શ્રી જૈન મહાજન વાડી નુ ભુમિ પુજન અને ખાત મુર્હુત નો મંગલકારી મહોત્સવ......**

### કૃપા વૃષ્ટિ

તપ ચક્રવર્તી, સંઘશિર છત્ર,
તપસ્વી રત્ન, અચલગચ્છાધિપતિ. પરમ પુજ્ય
આચાર્ય ભગવંત શ્રીમદ્ ગુણોદય સાગર
સુરિશ્વરજી મહારાજ સાહેબ.

### આશિષ વૃષ્ટિ

સ્વાધ્યાય પ્રેમિ પરમ પુજ્ય સાધ્વી
શ્રી નરેન્દ્રશ્રીજી મહારાજ સાહેબ ના શીષ્યા
આત્મા નંદિ પરમ પુજ્ય સાધ્વી શ્રી મહોદયાશ્રીજી
મહારાજ સાહેબ આદિઠાણા.

દેવ-ગુરૂ- ધર્માનુરાગી, ચતુર્વિધ સંઘના મજબુત પાયા સમાન શ્રી મોટી ખાવડી સંઘ ના શ્રાવક-શ્રાવિકાઓ પ્રણામ......! મોટી ખાવડી સંઘ ની ધન્ય ધરા પર શ્રી ચંદ્રપ્રભ દાદાની શિતલ છાયામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ના ગૃહ જિનાલય ની ૧૪૦ મી ધ્વજા રોહણ ના દિવસે જૈન મહાજન વાડી નુ ભુમિપુજન તેમજ ખાતમુર્હત નો શુભ અવસર આપણે સાપડયોછે. આ મંગલકારી પ્રસંગે આપ સૌ ને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. આપશ્રી નુ આગમન આ પ્રસંગની શોભા બની રહેશે,

**સાર્ધામિક ભક્તી શ્રી સંઘ તરફથી તા. ૨૧.૦૬.૨૦૧૮ સવારે નવકારસી થી તા. ૨૨.૦૬.૨૦૧૮ ના ચૌવિહાર સુધિ રહેશે.**

### મંગલકાર્યક્રમ

| | |
|---|---|
| તા. ૨૧.૦૬.૨૦૧૮ | : બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી પાર્શ્વ પદ્માવતિ મહાપુજન. |
| | : રાત્રે ૦૮.૦૦ કલાકે શ્રી મહાકાળી માતાજીની ભાવના. |
| તા. ૨૨.૦૬.૨૦૧૮ | : સવારે ૦૬.૦૦ કલાકે મંગલ પ્રભાતિયા. |
| | : સવારે ૦૭.૦૦ કલાકે સ્નાત્રપુજન, પાટલાપુજન, ભુમિપુજન તેમજ ખનન વિધી. |
| | : સવારે ૧૦.૦૦ કલાકે સતરભેદી પુજા તથા વિજય મુર્હતે ધ્વજા રોહણ. |

### શુભસ્થળ

શ્રી. ચંદ્રપ્રભ જિનાલય, મોટી ખાવડી, જી. જામ નગર,
સૌરાષ્ટ્ર (ગુજરાત).

આ પ્રસંગે વિધીકાર : શ્રી યુત પંડિતવર્ય શ્રી જયદિપભાઈ તેમજ સંગિતકારઃ નિલેસ બારોટ પાલિતાણા થી પધારશે.

**લી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી.**

પ્રમુખ અને ટ્રસ્ટીગણ

નોંધ: શ્રી જૈન મહાજનવાડી ના બાંધકામ નો ફાળો ચાલુ છે. બાકી રહેલા પરિવારોને ફાળો લખાવવા નમ્ર અપીલ. ફાળાની રકમ ઓછા મા ઓછી રૂ. ૧૧૦૦૦/- રાખેલ હોવાથી ઉદાર દિલ થી ફાળો લખાવશો.

# બાયઠના પોલડિયા પરિવાર અને વારાપધરના લાલકા પરિવારનું ગૌરવ

## હાર્દિક અભિનંદન



## સૌ. મનિષા ચેતન શાહ

**શ્રી ગુલાબચંદ નારાણજી પોલડિયાના પુત્રવધુ,**
**સ્વ. શ્રી ચંદ્રકાંત જીવરાજ લાલકાના સુપુત્રી**

૭/૪/૨૦૧૮માં **XLRI, Jamshedpur** થી પરિક્ષા પાસ કરી.
હાલમાં થાણામાં જ્યુપિટર હોસ્પિટલમાં **Corporate GM-HR**
તરીકે કાર્યરત છે.

**B.Sc.** પછી સંચેતી હોસ્પિટલ પૂના થી **Hospital Management** કોર્સ કર્યો.
પ્રથમ ક્રમાંકનું મેડલ મેળવ્યું પછી **MBA (Healthcare)**, Delhi,
**Strategic HRM (IIM, Ahemadabad)** થી કરી.
**PGCHRM From XLRI, Jamshedpur** હાલમાં સફળતા મેળવી છે.

XLRI, Jamshedpur ( Top Ranked Institute for HR & Management Studies in India)

**Henry Ford,** American captain of industry and a business magnate, said, "Anyone who stops learning is old, whether at twenty or eighty. Anyone who keeps learning stays young!"

"In my experience, when I consciously make learning a priority, I usually end up finding the time for it in spite of the day already packed with work, and family. The business environment is quickly changing, and your understanding of the leading practices, thinking, and emerging tools will help you manage for better results. Be a lifelong student." **Manisha Chetan Shah (Poladia).**

# તૃતિય પુણ્યતિથીએ સ્મૃતિ વંદના...



**માતુશ્રી કસ્તુરીબાઈ તિલકચન્દ મોમાયા**
દેવશરણ : તા. ૨૯-૦૫-૨૦૧૫

ધર્મમાં ક્રિયા અને ભાવ બન્નેનો સમન્વય કરી શ્રેષ્ઠ જીવન જીવ્યા
આખા પરિવારને નિશ્ચય અને વ્યવહારનો રસ્તો બતાવી ગયા,
એવા તમે અમારા હૈયામાં સદાય વસજો !

माँ हरपल साथ हो हमारे, हमको यह अहसास है,
आज तुम बहुत दूर हो हमसे, पर दिल के पास हो,
तुम्हारी यादों की यह अमृत धरोहर, आज भी हमारे साथ है,
जीन्दगी की हर जंग जीतने के लिए
अपने सर पर हमे महसुस होता, आज भी तुम्हारा हाथ है ।

**આપની સ્મૃતિ જેમના હૈયે વશે હરપલ**

**માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી જેવત મોમાયા (ભઠારા) પરિવાર** – નલીયા (રાયપુર)
**માતુશ્રી ભચ્ચીબાઈ લખમશી રાઘવજી મૈશેરી પરિવાર** – નાની સિંઘોડી (રાયપુર)

જીવનસાથી : **શા. તિલકચન્દ ડુંગરશી મોમાયા** ધર્મભાઈ : **કાનજી વેલજી સાયલા** (વડાલા)
દિકરી – જમાઈ : **કલ્પના રમેશ લોડાયા** (અ.નગર) – **મનિષા દિપક લોડાયા** (નિજામાબાદ)
**વીણા જવેરચન્દ લોડાયા** (ભાંડુપ) – **યોગિતા મનિષ લોડાયા** (નાસીક)
દોહિત્ર – જમાઈ : **નેહા ગૌરવ દંડ, નિયતિ જીગેશ મૈશેરી, નીરલ સંકેત લોડાયા**
દોહિત્ર – દોહિત્રિ : **મિહિર, ફેનિલ, દર્શન, જીનિશા, ટીશા, ભૂમિ**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંઢ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઢીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 21/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda, Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

# ૭૧ વર્ષ પહેલાંનું જ્ઞાતિનું સમાજજીવન

(સને ૧૯૪૭માં જ્ઞાતિનું પ્રથમ સંમેલન મળ્યું હતું તે વખતે પ્રકાશિત થયેલ સ્મરણિકામાં 'આમુખ'માં પ્રગટ થયેલા લેખમાંથી આજના સમય સાથે સરખામણી કરી શકાય તેવા અમુક અંશો અત્રે ઉદ્દવૃત કર્યા છે જે આગામી ચતુર્થ જ્ઞાતિ સંમેલન માટે પણ પ્રસ્તુત બની શકે છે.)

સેંકડો વર્ષોથી આપણું જીવન વ્યક્તિગત બનતું ગયું છે. સૌ પોતાનું કે પોતાનાં કુટુંબનું જ હિત જોતું આવે છે. પાડોશી કે બીજા સગાંસંબંધીની શી સ્થિતિ છે તેનો વિચાર સુદ્ધાં કરવાની કોઇને ફુરસદ કે ઇચ્છા નથી. પોતે સુખી તો આખું જગ સુખી એવું સાધારણ વર્તન જનસમાજના ઘટકોનું આપણે નજરે નિહાળીએ છીએ, તેથી એક નાનકડા સમાજના એક ઘટક ઉપર કંઇ આફત આવે, કોઇ દુઃખીઆને કંઇ મદદની જ પડે તો તેને કોઇનો આધાર મળી શકતો નથી-તેને યોગ્ય સલાહ કે મદદ મળી શકતી નથી અને તેથી તે પાયમાલીના પંથે પ્રયાણ કરે જ જાય છે. તેથી જ ઉલટું, સામુદાયિક જીવનમાં-સંગઠનમાં જે સહીસલામતી રહેલી છે તેનો આપણે ભાગ્યે જ ખ્યાલ કરીએ છીએ. સંયુક્ત કુટુંબની આપણી સદીઓ જુની પ્રથા પછવાડે આજ ભાવનાનું પ્રાધાન્ય છે. એક કાઠી તોડી શકાય છે પણ કાઠીનો આખો ભારો તોડી શકાતો નથી. એક હાથ થી કંઇ બોજો ઉપાડી શકાય નહીં પણ જો અનેક હાથો એકત્ર થાય તો તેમાંથી જે શક્તિ ઉત્પન્ન થાય તેનાથી મેરૂ પર્વત પણ ઊંચકી શકાય. તેવી જ રીતે સમાજનું એક ઘટક-વ્યક્તિ જીવન જીવે તો તે એક કાઠીની માફક તૂટી પડી શકે છે પણ સમાજનાં અનેક ઘટકો એકત્ર થાય, એક રીતે જીવે, એક જ રીતે વિચાર કરતાં થાય, એક જ આચારવાળાં હોય, એક ધર્મમાં માનવાવાળાં હોય, એક સંસ્કૃતિનાં ઉપાસક હોય તો કાઠીના ભારાની માફક ઘણું બળ એકત્ર કરી શકશે અને આમ એકત્ર થયેલા બળને પરિણામે ઘણી સમસ્યાઓનો સહેજમાં ઉકેલ કરી શકશે. મોટી મુસીબતોને સામનો કરી શકશે.

આ સર્વ સાધારણ નિયમ આપણા ભાઇઓને પણ ઘણે મોટે અંશે લાગુ પડે છે. આપણે ત્યાં પણ પોતાનું જોવામાં જ ઇતિશ્રી માનવામાં આવે છે. આપણા હેતુ સંતોષી કે મિત્રની શું સ્થિતિ છે તેનો વિચાર આપણે ભાગ્યે જ કરીએ છીએ. આવી માનસિક સ્થિતિનો પડઘો આપણાં મહાજનોમાં પણ પડ્યો છે અને તેના કારણે જ આપણા મહાજનો છિન્નભિન્ન હાલતમાં આપણે જોઇ રહ્યા છીએ. સૌ મહાજનો પોતાનું હિત શેમાં છે તે જ જોતાં આવે છે.

પરિણામે મહાજન-મહાજનની વચ્ચે જે સંગઠન અને ભ્રાતૃભાવ જળવાઇ રહેવાં જોઇએ તે જાળવવા માટે અને એખલાસ ભર્યો સંબંધ દ્રઢિભૂત બને તે માટે જુદાં જુદાં મહાજનોને એક જ છત્રછાયા નીચે લાવવા, તેમના વિચારોની આપલે કરવા અને અરસપરસ એક બીજાને ખુલ્લા દિલે સમજી લેવાની જરૂરિયાત સ્વીકાર્યા સિવાય રહી શકાતું નથી. સમાજમાં સંગઠન, સુવ્યવસ્થા, સુયોજનની ખામી અથવા ઉણપ એ ખેદનો વિષય છે.

આવી આપણી જ્ઞાતિ-સમાજની પરિસ્થિતિ વચ્ચે કોઇ સારી પળે કોઇ વિવેક બુદ્ધિવાળી વ્યક્તિને સમાજમાં સુસંગઠન, સુવ્યવસ્થા કેમ થાય તેનો વિચાર કરવાનું સૂઝ્યું અને એમ તુરત જણાઇ આવ્યું કે જો આપણા આખા સમાજની શક્તિ એકત્ર કરવામાં આવે, આપણે બધાં એકત્ર થઈ વિચાર કરીએ કે આપણા સમાજની આજે પાંગળી સ્થિતિ કેમ છે ? શું આપણું જીવન વ્યક્તિગત ન બનાવતાં સામુદાયિક, સમાજના હિત માટેનું ન બનાવી શકીએ ? આવા સઘળા વિચારોથી પ્રેરાઇને જ્ઞાતિનાં સઘળાં મહાજનોને એકત્ર કરવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં. અને આખરે સંમેલન મળ્યું.


### જાહેરાત આપનારાઓને નિવેદન

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મો. નંબર મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## માતૃભાવ અને પિતૃભાવ

માતા આપે મમતા, તો પિતા આપે કુશળતા
માતા છે મમતાની વીરડી, તો પિતા વીરડી પાસેની છાંયડી
માતા છે વાત્સલ્યભાવ, તો પિતા સમજાવે કેળવણીનો પ્રભાવ
માતા કરે લાડ પ્યાર, તો પિતા શીખવાડે જીવન વ્યવહાર.
માતાથી મળે નિઃસ્વાર્થભાવ, તો પિતાથી મળે પુરૂષાર્થભાવ.
માતા લે સંતાનોની સંભાળ, તો પિતા શીખવે લેતા સૌની સંભાળ.
માતા કુળ વૃધ્ધિમાં નિમિત્ત, તો પિતા કુળરક્ષામાં નિમિત્ત.
માતા ઘરની શાન છે, તો પિતા કુળની શાન છે.
માતા વિના સૂનો સંસાર, તો પિતા વિના મોળો વ્યવહાર.
માતાથી ઘર ઝગમગે છે, તો પિતાથી કુળ ઝગમગે છે.
માતાથી ગંભીરતા મળે છે, તો પિતાથી ધૈર્યતા મળે છે.
માતા ઘર ચલાવવામાં દક્ષ છે, તો પિતાનું કમાવવા માટેનું એક જ લક્ષ્ય છે.
માતા ઘરનું માંગલ્ય છે, તો પિતા ઘરનું પ્રાગટ્ય છે.
માતા ઘરનું તોરણ (શોભા) છે, તો પિતા ઘરનો તારણ છે.
માતાના ખોળે બાળકને રમવું ગમે છે,
તો પિતાના ખભે ફરવું પણ ગમે છે.
રશ્મિન્ કહે માતા-પિતા બેઉ, ઈશ્વરનું આગવું સ્વરૂપ છે.

**રશ્મિન્ ખોના - મુંબઈ**

### પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### આકાશ... એક વાર નીચે આવીને તો જો

આકાશ... યુગોના યુગો થયા તને ઉપર રહેતા મિત્ર,
એક દિવસ મારી ખાતર નીચે આવીને તો જો.
વરસાદ ને વાયરા ખાઈ ખાઇને કંટાળી ગયો હશે,
એક દિવસ રોટલા ને શાક મારા ખાઇને તો જો.
આ ગ્રહોનું પરિભ્રમણ જોતા કંટાળી ગયો હશે,
એક દિવસ બસ-ટ્રેનની સફર માણીને તો જો.
સુરજ અને ચાંદના આવાગમન જોઇને થાક્યો હશે,
એક દિવસ મારી જોડે ઓફિસે આવીને તો જો.
આ ઉપગ્રહોની અગનઝાળ દઝાડી રહી હશે તને,
એક દિવસ સાગરતટે રેતીમાં પગલાં પાડીને તો જો.
વીજળી અને ગડગડાટથી હવે તો ડઘાઇ ગયો હશે,
એક દિવસ ઉપવનમાં બેસી શાંતિ માણીને તો જો.
ઉપરથી તો ખૂબ જોયા દીન દુનિયાના રંગીન દ્રશ્યો,
એક દિવસ તેના સ્પર્શની મજા માણીને તો જો.
રંગો ભલે અનુપમ તારા બદલાય સમયાંતરે,
એક દિવસ તો માનવીને ક્ષણે ક્ષણે રંગો બદલાતા તો જો.

**- જ્ઞાનેશ જયચંદ લાપસિયા, મુલુંડ**

## પાંલા, પાંજા દાદા વેઠા અંઇ ન !

જિગરમાં જોમ અને જોશ, હૈયે હામ અને હિંમત અને ભાંડુપના આદીનાથ દાદા પ્રત્યે અડગ અને અટલ શ્રધ્ધા ! મક્કમ મનોબળ અને દઢ નિર્ણય. જિનશાસન, જૈન સંઘ, પરિવાર કે મિત્રોનું કોઈપણ ઉચ્ચિત કાર્ય હોય તો એકલવીર થઈને પણ જંપલાવવું. સામા પૂરે તરવાની ત્રેવડ. પછી આ પાર કે પેલે પાર. દાદા ઉપર કાર્ય છોડી તરીને કિનારે પહોંચવું જ.




આ વાત છે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપના ચુનંદા કાર્યકર મનોજ દામજી લોડાયાની. માતુશ્રી પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા, કચ્છ બાંઢીયાવાળાના પાંડવસમા પાંચ પુત્રો. પૌત્રો, પરપૌત્રે. પરિવારના કુલ્લ ૧૯ જણ સો વરસથી આ પરિવારને કુદરત પુત્ર જ બક્ષે. કન્યા રત્ન માટે પ્રાર્થના કે બાધા રાખે પણ પુત્ર જ આવે. સંપૂર્ણ પરિવારના સભ્યોની અલગ અલગ વિશેષતામાં પુષ્પાબેન તો ૭૮ વરસે પણ શ્રી ક.દ.ઓ. મહિલા મંડળના આજીવન પ્રમુખની જવાબદારી નિભાવે મોટા પુત્ર કિરીટભાઈ શ્રી અનંત મિત્ર મંડળમાં ગાવા સાથે મન ભાવન, મંજીરા વાદક. પુત્રવધુ વાસંતી કીરીટ બૃહદ મુંબઈની દોઢસો જૈન પાકશાળાના સર્વ શ્રેષ્ઠ શિક્ષિકા, ૫ વરસના નિવાન નયન ટેણીયાએ મ્યુઝીકલ ચેરમાં હમણાંજ મેડલ જીત્યો. ગીતા લહેરચંદ 'નારી શક્તિ'ના સફળ કાર્યકર, પ્રસંગે તેઓ પાંચ વરસથી પંચોત્તર વરસનાને સ્ટેજ ઉપર નાચતા કરી દે. ડીમ્પલ જપ, તપ અને શ્રમણ વૈયાવચ્ચે અડીખમ હોય.

પુત્ર લહેરચંદ પગે ફેક્ચર હોવા છતાં શ્રમણો સાથે ભાંડુપથી વાશી સુધીના વિહારે અથાક હોય. સર્વે સભ્યો પૂજા-દર્શન, વ્યાખ્યાન, આરતી વૈયાવચ્ચ વગેરેમાં અચૂક હાજર હોય. પરિવાર સંપ-સલાહ અને સંગઠનમાં નંબર રાખે.

સર્જનહારે સર્જનનો ચાકડો શરૂ કર્યોને એના ઉપર પાવરફુલ પીંડ મૂક્યો અને આ સર્જન એટલે ''મનોજ''. ગમતી નોકરી, સારો પગાર પણ સંતોષનો વિસામો નહીં. મારે કંઇક કરવું છે, આગળ વધવું છે. ને વફાદાર મિત્રો સાથે હાથ અને હિંમતની ચોપાટ માંડી. કેટરીંગનો કકો પણ ન જાણતા ''ફાઇવ સ્ટાર્સ કેટરીંગ નો કમાઇ ધંધો શરૂ કરતાં. નેકી, વફાદારી અને લગને રોજના પાંચ સાત કેટરીંગો કરતાં એનો સ્વાદ મુંબઈ છોડી કચ્છના સીમાડાને સર કર્યા. સફળતાની દેવીએ સૌભાગ્યનો ચાંદલો કર્યો ને નાનકડો સાહસ રાજમાર્ગ બન્યો.

મનોજભાઈએ કાર્યના મૂળીયા પકડી સ્વ સૂઝબુઝે ભાંડુપના કલ્યાણ મિત્રો સાથે, શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, શ્રી અખીલ ભારત વિધી પક્ષ અચલગચ્છ જૈન, બાંઢીયા વગેરે સાથે કાર્યરત છે. સૌરભનું નૂર સૌને વહેંચતા મનોજભાઈ જિનશાસન અને સંઘ માટે સુભટ થઇને દોડે. ભાંડુપના મોબાઇલ મેન થઈ કોઇ પણ શુભ સમાચાર અસંખ્ય ગ્રુપોને વહેતા કરે. સંઘના કાર્ય માટે પોતાની ગાડી તૈયાર રાખે, દોડાવે.

પરીણામ લક્ષી પુરૂષાર્થી મનોજભાઈ સંઘની પ્રવૃત્તિઓ જેમ કે પૂજા, પૂજન, અનુષ્ઠાન, આયંબીલ ઓળી, સ્વપ્નો, નવકારશી, ભોજન, ચૌવિહાર, અભિષેક શિબિરોમાં ચૌવિહાર, આંગી, પ્રભાવના વગેરેમાં અન્યો સાથે માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયાનું નામ અગ્ર હોય. વ્યાખ્યાને સંખ્યા ગમે તેટલી થાય. રૂા. ૧૦/- પ્રભાવનાની શરૂઆત કરેજ. સંઘમાં તપસ્વી બહુમાન જેમાં બાળકો વધારે હોય તેવા વખતે રજતની ગીની પ્રભાવનાના આગ્રહી રહે. જિનાલયે દેવ-દ્રવ્યની વૃદ્ધિના ભાવ સાથે પ્રથમ બોલી ચડતા ભાવની જ લગાવે અને લાભ મળે તો હસતા મોકે સ્વીકારે.

મમ્ અને અહમ્થી અળગા રહી મનોજભાઇએ સંઘનો સભ્યો કુમાર દંડ, મધુબેન ડાઘા, હરીશ ડાઘા, યોગેશ પોલડીયા, કીરીટ લોડાયા, વિજયભાઈ લોડાયા, ફાલ્ગુન ખોના, ગીરીશ લોડાયા, ચીમનભાઈ નાગડા, ઇલાબેન ખોના, મુકુન્દ મોમાયા, વિપુલ લોડાયા, નીરવ મોતા, લહેરચંદભાઈ મૈશેરી અને વિવિધ મંડળોના સભ્યો સાથે ત્રણ દીક્ષા, ૩૩ દિવસીય વાચના, આયંબીલ ઓળી સા. ગુણમાલાશ્રીજીની અંતીમ વિદાય, ધ્વજા મહોત્સવ, પર્યુષણ જેવા કાર્યક્રમો અચલગચ્છમાં સર્વ પ્રથમ પૂ. સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. દ્વારા મહાભદ્ર તપનું ભવ્યાતિભવ્ય ઉજમણું. પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૬૩મા જન્મ દિવસની ઉજવણી, વગેરે મુંબઇમાં પ્રથમ લેવલના ઉજવી ભાંડુપ ક.દ.ઓ. જૈન સંઘના નામને ગજબની ગરીમા બક્ષી. આમ શ્રી સંઘનો ૨-૩ લાખના વ્યવહાર હવે ૩૦ લાખનો આંબ્યું છે! સાથ આપી સક્ષમ બનાવ્યા છે જેમાં મનોજભાઈ અગ્ર રહ્યા છે.

કચ્છી માડૂ કાયમ બારમાસી હોય ! જ્યાં પુરૂષાર્થ મનોજ સમ પોલાદી હોય. મનોજે હર કાર્યને સાકાર કરી આકાર આપ્યો છે. નાતને નાતની જવાબદારી સંસ્થા અને સંઘો માટે ચુસ્ત અને ચુનંદા કાર્યકરોની જરૂરત કાયમની છે. પારદર્શીક વ્યવહાર અને સુચારૂ સંચાલન હર સંસ્થાઓનું આગવું અંગ છે. મનોજભાઈ હજી આગળ વધારે દોડો, આપના સ્વપના સાકાર કરો, એજ અમ અંતરના આશીર્વાદ.

મનોજ મજબૂત સંકલ્પો અને દાદા પ્રત્યેની સબળ શ્રદ્ધાએ ઝૂકી તો જવાય ને ? **- લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ

श्री ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ
।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ।।

# શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસૂરિ સ્મારક ટ્રસ્ટ

**(પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર E-9687)**

યતિશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મહારાજ
૩૪, ખડક સ્ટ્રીટ, ૧લે માળે, રૂમ-૬૦, મુંબઈ-૪૦૦ ૦૦૯.
શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫. ફોન નં. ૦૯૯૬૯૧ ૮૪૩૭૭ / ૯૩૭૩૪ ૫૧૪૧૪

## વસંત પંચમી મહાકાલી ભક્તિ ઉત્સવ ૨૪મી પહેડી ભાંડુપ અગ્રીમ આમંત્રણ

**રૂપિયા એક લાખ ચોવીસ હજારથી મહાકાલી ભક્તિ ઉત્સવના સહયોગી લાભાર્થી દાતા**

મુંબઈ મહાનગરીમાં અચલગચ્છના દેવી મહાકાલી માતાજીની સમુહ આરાધના, પૂજન, ભક્તિ સંગીત, પહેડી પ્રસાદ રીતે આપ બધા દિલેર દાતાઓના સહિયારા, સહયોગથી ત્રેવીસ વરસ ભવ્ય રીતે માની આરાધના ભક્તિ થયેલ. ચોવીસમા મહાકાલી ભક્તિ ઉત્સવ પૂજન પહેડી વિશેષ ભક્તિ ભાવથી ઉજવવા.

**સં. ૨૦૭૫ મહાસુદ ૫ રવિવાર વસંત પંચમી તા. ૧૦-૨-૨૦૧૯, ભાંડુપ, મુંબઈ, શ્રી મેવાડ ભવન,** શાસ્ત્રી માર્ગ, સવારના ૮ થી ૩ રાખેલ છે. જેના **સહયોગી દાતા થવા એક લાખ ચોવીસ હજારથી લાભાર્થી દાતા થઈ શકશો.** આપના નામ મુંબઈ અનંતનાથજી યતિશ્રી અને મુલુંડ શ્રી મુકેશ મૈશેરીને જણાવશો. આપના નામ અને સુકૃતની અનુમોદના સન્માન ૨૩માં ભક્તિ ઉત્સવ ઘાટકોપર તા. ૧૪-૧૦-૨૦૧૮ રવિવારે સવારે ૧૧ થશે. ૨૪મા ભક્તિ ઉત્સવ માટે સૌ ભાવિકોને વસંત પંચમી ૧૦-૨-૨૦૧૯ લાભાર્થી દાતા થવા આમંત્રણ.

**શ્રી પૂજ ટ્રસ્ટ - મંદિર ટ્રસ્ટીઓ જય જય શ્રી મહાકાલી મા**

## શ્રી મહાકાલી ભક્તિ ઉત્સવ ૨૩મા ઘાટકોપર ભાવભર્યું આમંત્રણ

અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીના ત્રેવીસમાં વરસ મહાપૂજન પહેડી ભક્તિ સંગીત. સં. ૨૦૭૪ આસો સુદ ૬ **રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૮ ઘાટકોપર, શ્રીમતી ઝવેરબેન સભાગૃહ શેઠશ્રી રાષ્ટ્રીય શાળા,** સવારના ૮ થી ૩ રાખેલ છે. આ મહાપૂજન પહેડીના લાભાર્થી દાતા

**માતુશ્રી મીઠીબાઈ મણીલાબ ટોકરશી ખોના**
**અ.સૌ. હેમલતા અશ્વિન મણીલાલ ખોના,** સુથરી - ઘાટકોપર
**માતુશ્રી ધનબાઈ લાલજી પદમશી ધરમશી,** સુથરી - મુલુંડ

**ભક્તિસંગીત શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર મૈશેરી, શ્રી મુકેશ મૈશેરી કલાકારો રહેશે.**

**પૂજન : ૮ થી ૧૧, દશવિધ પૂજન : ૧૦ થી ૧૧, પહેડી : ૧૧, આરતી : ૧૧-૧૦, ભક્તિ સંગીત : ૯ થી ૧, દર્શન-વંદન-પ્રસાદ-સાધર્મિક ભક્તિ ૧૧ થી ૨, ભક્તિસંગીત**

ભાવિકો દર વરસની જેમ માના દર્શન-વંદન-પૂજન-ભક્તિ સંગીત પહેડી પ્રસાદ માટે પધારવા આત્મીય ભાવભર્યું આમંત્રણ ઘાટકોપર નવરાત્રિ ૧૪-૧૦-૨૦૧૮ના પધારશો.

**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ.**
**૨૩ વરસના લાભાર્થી પરિવારો થી આમંત્રણ. જય જય શ્રી અનંતનાથ**

## આરોગ્ય પ્રકાશ : માઈક્રોન્યુટ્રીન્ટસ્ : વિટામીન્સ અને મિનરલસ્ - ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**વિટામીન B5 (પેન્ટોથેનિક એસિડ) :** સૂર્યમુખીના બી, અવાકોડો, તડકામાં સૂકવેલા ટમેટા, કોર્ન, બ્રોકોલી, મશરૂમ, ફ્લાવર, દહીં વગેરે માંથી મળે છે. આ વીટામીનની ખામી હોય તો પગમાં નબળાઇ લાગે.

**વિટામીન B6 (પાયરીડૉક્સીન) :** આ વિટામીન પાલકની ભાજી, ટમેટાં , અખરોટ, મરીમાંથી મળે. આ વિટામીનની ખામી હોય તો મોંમા અને હોજરીમાં ચાંદા પડે, જ્ઞાનતંતુની તકલીફો થાય, ઊંઘ ન આવે,મગજ સૂન્ન થઇ જાય.

**વિટામીન B9 (ફોલીકએસિડ) :** આ વિટામીન લીલા પાંદડાવાળી ભાજી, બ્રોકોલી, કેળા, બીટ, ટેટી, હોલ બ્રેડ, તુવેર, લીંબુ, નારંગી, મકાઈ, પાલકની ભાજી, છડ્યા વગરના આખા અનાજ માંથી મળે. આની ઉણપ હોય તો એનિમિયા થાય. લોહીમાં સફેદ કણ ઓછા થઈ જાય, વજન ઓછું થાય. નબળાઇ લાગે, મોંમા અને જીભ પર ચાંદા પડે.

**વિટામીન B9 (કોબાલએમાઇન) :** આ વિટામીન દૂધ, ચીઝ, ચણા, બદામમાંથી મળે. આ વિટામીનની ઉણપના ખાસ લક્ષણ નથી, છતાં થાક લાગવું, લોહીની ઉણપ (એનિમિયા) ચાલતી વખતે બેલેન્સ ન જળવાય ઉપરાંત યાદશક્તિ ઘટવી, સ્પર્શનો અનુભવ ઓછો થવો, પગમાં ખાલી ચડવી, ટૂંકા શ્વાસ લેવા વગેરે લક્ષણો હોય તો B12 ની લોહીની તપાસ કરાવવી.

**વિટામીન સી :** આ વિટામીન આમળા, લીંબુ, નારંગી, મોસંબી, જામફળ, સફરજન, પીચ, આમલી, ટમેટા, લીલા મરચામાંથી મળે. વિટામીન સી શ્રેષ્ઠ અન્ટિઓક્સિડન્ટ છે. સંપૂર્ણ તંદુરસ્તી આપે, પ્રતિકાર શક્તિ વધારે, આની ઉણપથી શરદી, ખાંસી, ફ્લ્યુ જેવી બિમારી લાગુ પડે, સ્કર્વી થાય અને પેઢામાંથી લોહી નીકળે.

**વિટામીન ડી (કેલ્સિફેરોલ) :** સૂર્યના કિરણો ચામડી પર પડે તો શરીરમાં આ વિટામીન બને. રોજ સવારના ૧૦ વાગ્યા પછીના તડકામાં ૧૫ મિનીટ બેસવાથી - ચાલવાથી આ વિટામીન શરીરમાં બને. ફોર્ટિફાઇડ ખાદ્ય પદાર્થ (જેમાં વિટામીન ડી ઉમેરેલું હોય તેવા ખાદ્ય-પીણા વગેરે). ચીઝ અને મશરૂમ માંથી મળે. વિટામીન ડી ની ઉણપ હોય તો શરીરમાં કેલશ્યમનું શોષણ બરાબર ન થાય. હાડકાં અને દાંત નબળા પડે. ઓસ્ટીઓપોરોસીસ (હાડકાનું છીદ્રાળુપણું) થાય, અને ફ્રેક્ચર જલ્દી થાય.

**વિટામીન ઈ (ટોકોફેરોલ) :** આ વિટામીન લીલા પાંદડાવાળી ભાજી, બદામ, શક્કરિયા, સૂર્યમુખીના બી, ઑલીવ, જાંબુ, બધા પ્રકારના સુકા મેવા, બધા પ્રકારના બી, ટમેટા, એવાકાણે, પાલક અને ફળોમાંથી મળે. આ વિટામીનની ઉણપથી સ્નાયુની કમજોરી, લીવરની બિમારીઓ, મજ્જાતંતુની તકલીફો, આંખના સ્નાયુની તકલીફો વગેરે થાય.

**વિટામીન કે :** આ વિટામીન બ્રોકોલી, લીલા, પાંદડાવાળી ભાજી, સિંગોડા, લીલી સિંગો, લીલા વટાણા, ગાજર, કેળા, મકાઇ, તુવેર, ટમેટાંમાંથી મળે. આ વિટામીનની ઉણપથી શરીર પર ઉજરડા જલ્દી પડે, નાક અને પેઢામાંથી પ્રવાહી ઝરે. જખમ, ઇંજેક્શન કે વાઢકાપની જગ્યાએથી લોહી વધુ પ્રમાણમાં જાય, માસિકધર્મમાં લોહી વધુ જાય, આંતરડામાં લોહી જરી શકે, પેશાબ અને ઝાડામાં લોહી જાય. લોહી ગંઠાતા વાર લાગે (પ્રોથોમીન ટાઇમ વધી જાય)

**વિટામીન એચ (બાયોટીન) :** આ વિટામીન સુકોમેવો - પિસ્તા, અખરોટ, કાજુ, બદામ, છડ્યા વગરનું આખું અનાજ, બ્રેડ, રાસબેરી, ફ્લાવર, ગાજર, પપૈયું, કેળા વગેરેમાંથી મળે. આની ઉણપથી વાળ ખરે, ચામડી, સુકાય, ત્વચા પરનું પડ નીકળે, મોંના ખુણા ફાટે, જીભ જાડી થાય અને દુખે, આંખો સુકાય, ભૂખ ન લાગે, ઉંઘ ઘટે અને નિરાશા થાય.

### કલર પેજ જાહેરાતો માટે સૂચના

'પ્રકાશ-સમીક્ષા'ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ-લગ્ન-જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે ત્રણેક અઠવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રધ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ અઠવાડીયાના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે સપ્તાહે ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ. **- વ્યવસ્થાપક**

ખાસ ધ્યાન રાખવું કે કુદરતી પદાર્થોમાંથી મેળવેલા વિટામીન્સ કે મિનરલ્સ વધારે લેવાઇ જાય તો પણ હાનિકારક બનતા નથી. જ્યારે દવા તરીકે બજારમાં મળતી ગોળી, સિરપ, ઇન્જેક્શન ફાવે તેમ લેવાથી શરીરને નુકશાન કરશે, ટોક્સીક (ઝેરી) બની શકે છે. જો તમને બારેમાસ ખોરાકમાં લેવાય તેવી આગળ જણાવેલી વસ્તુઓ, લીલા શાકભાજી, તાજા ફળો, સુકો મેવો, બધાજ પ્રકારના તેલીબિયાં, ચોક્ખું દુધ, જેવી બધી જ વસ્તુઓ મળતી હોય તો સપ્લીમેન્ટ તરીકે વિટામીન્સ અને મિનરલ્સ લેવાની જરૂર નથી પણ આવું દરેક ઠેકાણે બનતું નથી માટે વિટામીન્સ, મિનરલ્સની ઉણપ હોય તો તે સપ્લીમેન્ટ તરીકે લેવા જોઇએ.

**ન્યુટ્રીશનલ સપ્લીમેન્ટસ્ :** કુદરતી સ્વરૂપે વૃક્ષના બી, મૂળ, છાલ, ફળ અને ફૂલમાંથી મળતા વિટામીન્સ અને મિનરલ્સને બદલે રસાયણિક પદાર્થોના જુદા જુદા સંયોજનો કરીને જ્યારે દવા બનાવનારી ફેક્ટરીમાં ગોળીઓના સ્વરૂપે, પીવાની દવાના સ્વરૂપે અથવા પાવડર કે ઇન્જેક્શન સ્વરૂપમાં આ વિટામીન્સ અને મિનરલ્સ બનાવે તેને ન્યુટ્રીશનલ સપ્લીમેન્ટસ્ કહે છે. જ્યારે જેને વિટામીન્સ કે મિનરલ્સની જરૂર હોય તે ડૉક્ટર લખી આપે છે અને કેમિસ્ટને ત્યાં જાતજાતના ન્યુટ્રીશનલ સપ્લીમેન્ટસ્ મળે છે.


મિનરલ્સ વિશેની માહિતી હવે પછી જાણીશું. (ક્રમશઃ)


## લગ્નસંબંધી

ડોંબિવલી સ્થિત ૧૯૯૧ બોર્ન, કુંવારા, બી.કૉમ, હાઇટ - 5.0, વેઇટ - 53 Kgs., યુવતી માટે યોગ્ય સંસ્કારી યુવક આવકાર્ય. વડીલો, ફોટો - બાયોડેટા સાથે સંપર્ક કરે.

મો. 096990 25422
099203 02197


## હાર્દિક અભિનંદન



**ચી. રાહુલ રાકેશ છેડા** (હુબલી)
SSLC-10thની પરીક્ષામાં **95.2%** સાથે
**Best Student Award-2018**
મેળવવા બદલ **અભિનંદન...**

માતા-પિતા : **રેખા રાકેશ છેડા** (હુબલી)
દાદાણાં : **હર્ષા હીરાચંદ હીરજી છેડા** (ગદગ)
નાનાણાં : **હંસા દિપક પુનશી નાગડા** (ઇચલકરંજી)

## મોટી સિંધોડી નગરે પૂજ્યશ્રી ગચ્છાધિપતિના પગલાં



અચલગચ્છાધિપતિ તપ ચક્રવર્તી આ.ભ. પ. પૂ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા આ.ભ. પ.પૂ. વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા તા. ૧૪-૫-૨૦૧૮ પધારેલ અને રાત્રી મુકામ સિંધોડી નગરે રાખેલ. પ્રવેશ પ્રસંગે B.M.P.P. પરિવાર દ્વારા ''પરમેષ્ઠી રત્ન'' એવોર્ડથી વિભુષીત થયેલા અને વર્ષીતપ આરાધક માનનીય શ્રી નરેન્દ્રભાઈ નંદુ, સાંતાક્રુઝ (ઈસ્ટ) અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટી શ્રી મુલચંદભાઈ, મુંબઈ મહાજનના સુકાની શ્રી કલ્પેશભાઈ મોતા, સાંયરાથી શ્રી રતિલાલભાઈ ધ્રોળ તથા મહાનુભાવો, જખૌના ટ્રસ્ટી શ્રી રાયચંદભાઈ જીવાણી તથા વિપુલભાઈ, વાંકુથી મહાનુભાવો અને વડીલ શ્રી વાલજીભાઈ ગઢવી, શ્રી કાનજીભાઈ ગઢવી, નામાંકિત વકીલ શ્રી દેવરાજભાઈ ગઢવી, શ્રી હિરાલાલ મહારાજ વગેરે મહાનુભાવો સહિત ૧૧૨ જણની ઉપસ્થિતિ રહી.

આ પ્રસંગે સંસ્થાના મેનજીંગ ટ્રસ્ટીશ્રી તિલકભાઈ લોડાયા, ચેરમેન શ્રી મુકેશભાઈ લોડાયા, ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ મૈશેરી, ભચાઉથી શ્રી જયેશભાઈ, ગાંધીધામથી સોમચંદભાઈ માંડણ મૈશેરી પરિવાર માદરે વતન આવેલ. અ.સૌ. મધુરીબેન કાંતિલાલ મોતા પરિવાર હ. ડિમ્પલબેને રૂા. ૧૦/- ની પ્રભાવના કરેલ.

આપણા શ્રી સંઘે હીરાલાલ મહારાજના મકાનના વાસ્તુ પ્રસંગે, વાંકુ તીર્થ પ્રતિષ્ઠા, પૂજ્યશ્રીના સામૈયા પ્રસંગે રાપર ગઢવારી, લાલા તથા જખૌમાં હાજરી આપેલ. પ.પૂ. આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ને પણે કોટડા રોહામાં વંદનાર્થે ગયેલ. નેમિનાથ જિનાલયના જિર્ણોધ્ધાર બાબત સાહેબજી સાથે સવિસ્તાર ચર્ચા થઇ.

**મહારાષ્ટ્ર રાજ્ય મુખ્ય પ્રધાન વિદ્વતા અને શિષ્યવૃત્તિ અભ્યાસક્રમ**



**સી.એ. નીલ ઘનશ્યામ લાલકા, વારાપધર (ઘાટકોપર)**

મારા આ અભ્યાસક્રમનો જુન ૨૦૧૭માં એક અખબારની જાહેરાતથી પ્રારંભ થયો. મને તેમાં જિજ્ઞાસા જાગી અને રસ પડ્યો તેથી મેં અભ્યાસક્રમ માટે અરજી કરી. આ વાત સુવિદિત હતી કે સરકારામાં મર્યાદિત જગ્યાઓ સામે અસંખ્ય અરજીઓ આવે છે. હું કચ્છી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવાના નાતે બહુ ઉત્સાહિત નહીં હતો.

પણ પ્રવેશ પરિક્ષા અને ઇંટરવ્યુ દરમ્યાન સુખદ અનુભવ થયા. મેં JLL ઇન્ડિયાની બાંધકામ ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય કંપનીમાં ચાર વર્ષ કામ કર્યું હતું તેથી અભ્યાસક્રમના ઇંટરવ્યુમાં મારા બાંધકામ ક્ષેત્રના જ્ઞાન વિષે અને સરકારની વિવિધ યોજનાઓ, તેને લગતા ધારાધોરણો અને ઉત્તેજન આપતા પગલા વિશે અંગ્રેજીમાં સવાલો કરવામાં આવ્યા. આ બાદ મારા મરાઠી ભાષાના જ્ઞાન વિશે થોડી ચકાસણી કરવામાં આવી.

બધીજ પૂર્વ તૈયારી અને વિધિઓ સફળ રીતે પાર પાડતાં મને આ અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો. મારી નિમણુંક શહેરીકરણના વિકાસનો ખ્યાલ રાખતા સરકારી ખાતામાં કરવામાં આવી અને ''મંત્રાલય'' જેવી આગવું સ્થાન ધરાવતી ઇમારતમાં બેસીને કામ કરવાનો મને મોકો મળ્યો.

અમને પર્યાવરણ મિત્ર બાંધકામ અને શહેરી વાહન વ્યવહાર ખાતાના ધારા ધોરણો નક્કી કરવાની જવાબદારી આપવામાં આવી, અને અમે આ બાબતોમાં ઉંડુ સંશોધન કરી, ચર્ચા વિચારણા કરી, સલાહ સુચનોને અને માહિતીઓને ધ્યાનમાં રાખી એક જન ઉપયોગી અહેવાલ સાદર કર્યો. અમે બીજા ખાતાઓમાં પણ મદદ કરી શકતા હતા. મેં રાજ્યની કાયાપલટ માટે યોજાયેલ સંમેલનમાં ભાગ લીધો જેમાં કેટલાક મહત્વના ખાતાઓમાં નક્કર અને ધાર્યા મુજબના પરિણામો મેળવવા માટે દિશા દર્શન, ધારા ધોરણો, સમય મર્યાદા અંગે મોટા સરકારી અધિકારીઓ સાથે લાંબી, ઘનિષ્ઠ ચર્ચા વિચારણાઓ કરી. આ એક ખૂબજ મહત્વનો અનુભવ હતો.

મારો સહયોગ તાંત્રિક જ્ઞાન વિકાસ વિભાગમાં પણ લેવામાં આવ્યો તે ખાતામાં મેં મારા સલાહ સૂચનો કેટલીક દિશા દર્શન અને ધારા ધોરણોમાં સુધારો કરીને વિદેશમાં આપણા દેશવાસીઓને સહેલાઇથી નોકરી મળી શકે એ માટે કર્યા. આ ઉપરાંત મેં મહારાષ્ટ્રમાં પર્યાવરણ સુધારણા તથા પર્યટનનો વિકાસ થાય એ માટે મેલઘાટ, પેંચ અને ટાડોબા જંગલ અભ્યારણના અધિકારીઓ સાથે મુલાકાત કરીને ચર્ચા વિચારણાઓ કરી.

આ ઉપરાંત સરકારના સાયબર ખાતામાં કામ કરવાનો મોકો મળ્યો. અમે મુખ્ય પ્રધાન તથા મંત્રી મંડળની કેટલીક સભાઓમાં ભાગ લઇ અને મુખ્ય પ્રધાન અને અન્ય પ્રધાનો સાથે ચર્ચા વિચારણોમાં ભાગ લીધો.

સ્નેહાલય જેવી કેટલીક ગેરસરકારી સેવાભાવી સંસ્થા જે ત્યજાયેલા બાળકો, સ્ત્રીઓ અને એઇડસ જેવી ભયંકર બિમારીથી પીડાતા લોકાને ખૂબજ મદદ કરે છે, અને ટેકો આપે છે, એની મુલાકાત લીધી.

## છૂટાછેડા

**ચી. મયુર ચીમનલાલ ધરમશી**, ગામ સાંયરા, હાલ ડોંબિવલી અને **ચી. પેટ્રિશિયા ફેર્નાન્ડીસે** મુંબઈ કોર્ટમાં જજ સામે છુટાછેડા લીધેલ છે. તા. ૩-૩-૨૦૧૮ના રોજ કોર્ટમાં જજ એ અમને છૂટાછેડા આપ્યા છે.


KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર,
મુંબઇ - ૪૦૦ ૦૦૯ • ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯
ઈમેલ : anantnathtrust@gmail.com

**ટ્રસ્ટ આવાસ યોજના માટે પ્લોટ ખરીદવામાં રસ ધરાવે છે. ડોંબિવલી (ઈસ્ટ) સ્થિત KDO HOPE-1000ના મોટા પ્લોટમાંના જે પ્લોટધારકો પોતાનો પ્લોટ વેચવા ઇચ્છુક હોય તેમણે સંપૂર્ણ વિગતો અને પ્લોટ સંબંધિત દસ્તાવેજોની ફોટોકોપી સાથે પોતાની ઓફર સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે મોકલવી.**

# શ્રી કુલપાકજી જૈન તીર્થયાત્રા સંઘ પ્રત્યેની અભિવ્યક્તિ...

[redacted]

હૈદરાબાદ શહેરના કેટલાક એવા પરિવારોનો ઈતિહાસ સાક્ષી છે, જેઓ બીજા રાજ્યોથી આવીને ન માત્ર વ્યાપાર કરે છે, પણ સાથે-સાથે સમાજ સેવામાં પણ આગળ છે, જેમાંના એક છેઃ શ્રી હંસકુમારભાઈ રાયચંદ સાયલા, (શ્રી કુલપાકજી જૈન તીર્થયાત્રા સંઘ) જેઓ માત્ર કાર્ય જ નથી કરતાં પણ તન, મન અને ધનથી પોતાનું યોગદાન આપે છે. તેઓ લોકોના જીવનમાં સ્ફૂર્તિ, જોશ અને અનેરો ઉમંગ પ્રગટાવે છે. તેઓ એક શીખ આપે છેઃ 'જીવન ચલને કા નામ હૈ' તો સાથોસાથ જીવનમાં ધર્મ જાળવવાની પ્રેરણાનો સ્ત્રોત પણ વરસાવે છે.

શ્રી કુલપાકજી જૈન તીર્થયાત્રા સંઘને આજે કોણ ઓળખતું નહિ હોય ? આ સંઘને પ્રોત્સાહન આપનારા હંસકુમારભાઈને એક દિવસ વિચાર સ્ફુર્યો અને તેમણે શ્રી કુલપાકજી જૈન તીર્થયાત્રા સંઘની સ્થાપના કરી અને ત્યારથી આજ સુધી રોકાયા વગર અસંખ્ય યાત્રીઓને કુલપાકજીની યાત્રા કરાવી, જે એક રેકોર્ડ છે. કોઈપણ અડચણ વગર યાત્રા સંપન્ન થાય તે માટે તેઓ ખૂબ કાળજી લે છે. હૈદરાબાદ-સિકંદરાબાદથી ૭ થી ૮ સ્થાનકોથી કુલપાકજી તીર્થ માટે દર પૂનમના બસની વ્યવસ્થા છે, પણ હંસરુમારભાઈએ વ્યાવહારિક રૂપ આપી આ યોજનાનું આયોજન દર મહિનાના પહેલાં રવિવારે યોજવાનું નક્કી કર્યું, જેથી આ આયોજનમાં શ્રાવકો પણ સારો એવો લાભ લઈ શકે. ઉલ્લેખનીય છે કે, સંઘ પાસે પોતાનું કોઈપણ ફંડ નથી તો પણ આ સમસ્ત કાર્યક્રમનું આયોજન બહુ જ સારી રીતે થાય છે. યાત્રાની જાહેરાત કરાતાં જ અનુદાનની રાશિની વર્ષા થાય છે.

સાલ ૨૦૧૬માં શ્રી સંઘને ૧૦ વર્ષ પૂરા થયા અને આ ખુશાલીમાં સંઘે તેનો દશાબ્દિ મહોત્સવ ઉજવ્યો ત્યારે અનેકવિધ યાત્રાઓનું આયોજન થયું. ભાડંવજી, વેદતુલમ, કાતરજ અને તેની આજુબાજુના પંચતીર્થો, કૃષ્ણગીરી, કુબોજગીરી-આવી અનેક યાત્રાઓનું સફળ આયોજન થયું. હજી અન્ય તીર્થોની યાત્રાઓ વિચારાધીન છે. નજીકના ભવિષ્યમાં રાજસ્થાનની યાત્રાનું આયોજન પણ થશે.

શ્રી કુલપાકજી જૈન તીર્થયાત્રા સંઘ માત્ર કુલપાકજીની યાત્રા જ નથી કરાવતો પણ તેની સાથોસાથ સેવા-પૂજા સાથે ગરીબોને અન્નદાન કરવાનું પણ આયોજન કરે છે અને લોકોની પ્રતિભાને ઉજાગર કરવા માટે વિવિધ પ્રતિયોગિતાઓનું પણ આયોજન કરે છે.

આજ સુધીનો રેકોર્ડ છે કે આ યાત્રાનો ક્રમ ક્યારેય તૂટ્યો નથી અને એની સાથે અનેક લોકો જોડાતા જાય છે. આ ભાવઉલ્લાસ માટે પાયારૂપ આયોજક તો શ્રી કુલપાકજી જૈન તીર્થયાત્રા સંઘ છે, જે દર મહિનાના પ્રથમ રવિવારે કુલપાકજી અને ત્રીજા રવિવારે ૭૨ જિનાલય પાર્શ્વનાથના દર્શન ભક્તિનો અનેરો લાભ પણ લઈ રહ્યો છે. આવા અનુમોદનીય આયોજન કરવું સહેલું નથી પણ બધા સંઘના દરેક કમિટી

(જા.ખ.) **(Contd...)**

મેમ્બર્સ હળીમળીને કાર્ય કરે છે, તે ખરેખર અભિનંદનને પાત્ર છે. જેઓ સમ્યગ્ દર્શન તો નિર્મળ કરી રહ્યા છે, પુણ્યનું ભાથું પણ બાંધી રહ્યા છે.

વિવિધ પ્રતિયોગિતામાં એક પ્રતિયોગિતા અનેરી બની રહી હતી, જેમાં ૧૦૮ વખત નવકાર મંત્ર લખતા-લખતા, આપણા મનમાં શું શું વિચાર આવ્યા તેનો ભાવ સ્પષ્ટ અક્ષરોમાં જણાવવાનો હતો. આ સ્પર્ધામાં અનેક પ્રાંતમાંથી લોકોએ ભાગ લીધો હતો. જેમાં અલગઅલગ ભાવોનું જ્યારે વાંચન કર્યું તો મન પુલકિત થઈ ગયું, કારણ તો નવકાર મંત્ર તો શાશ્વત્ છે જ, પણ તેને ૧૦૮ વખત લખીને જે આનંદ લોકોએ અનુભવ્યો તે ભૂલાય નહીં એવો અનેરો હતો. જેને શબ્દોમાં વર્ણન કરવો શક્ય નથી. આ સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર માલતીબેન કીર્તિભાઈ નાગડાને (ખીડકીયા મધ્યપ્રદેશ) પ્રાપ્ત થયો હતો. એમને પ્રથમ પુરસ્કાર રૂપે ૨૧,૦૦૦ની રાશિ અર્પણ કરવામાં આવી હતી. બીજા નંબરે પૂનમબેન સુનિલભાઈ શાહ (અમદાવાદ) આવ્યા હતા. તેઓને દ્વિતિય પુરસ્કાર રૂપે રૂા. ૧૧,૦૦૦ આપવામાં આવ્યા હતા. ત્રીજો પુરસ્કાર શૈલાબેન નરેન્દ્રભાઈ લોડાયા (જલગાંવ) ને મળ્યો હતો, તેમને તૃતીય પુરસ્કાર રૂપે રૂા. ૫,૦૦૦ આપવામાં આવ્યા હતા. ચતુર્થ પુરસ્કાર અંજલિબેન જતીનભાઈ લાપસિયા (જલગાંવ) ને મળ્યું હતું, જેમને રૂા. ૨૦૦૦ આપવામાં આવ્યા હતા. નીચે મુજબ સ્પર્ધકોને પ્રોત્સાહક પુરસ્કાર આપવામાં આવ્યા હતા, જેના નામો આ પ્રમાણે છે : (૧) પૂજાબેન અરૂણભાઈ નાગડા - ખીરકિયા (૨) રેખાબેન મણીલાલ - મુંબઈ (૩) નયનાબેન અલ્પેશભાઈ નાગડા - અમદાવાદ તથા (૪) સ્મિતા નરેન્દ્રભાઈ ગોસર - હૈદરાબાદ.

શ્રી હંસકુમારભાઈ રાયચંદ સાયલા મૂળ કચ્છના વતની છે અને વર્ષોથી હૈદરાબાદ વસી રહ્યા છે.

**બધી યાત્રાના આયોજનમાં શ્રી હંસકુમારભાઈ ને સાથ સહકાર આપનાર**
**યતિશ દેસાઈ, પીયુષ સંઘોઈ, ભુપેન્દ્ર કપાસી, ભરત દોમડિયા,**
**કુલિન ધુલા, વિજય વોરા, ભુપેન્દ્ર વીરા તથા અન્ય**
**ભાઈઓ તથા બહેનોને અભિનંદન તથા અનુમોદના....**
**જયા રમેશ જાગીરદાર,** અધ્યક્ષા - **રિદ્ધીશ રમેશ જાગીરદાર,** મંત્રી
**પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન**

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ**

# માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
# રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

# ભોજનને હેલ્ધી બનાવો

રોજ બનાવાતી રસોઇમાં ધીમે-ધીમે એકસરખાપણું આવી જાય. રસોઈ બનાવનાર અને જમનાર બંનેને જાણે રસોઇમાં નવું શોધવું પડે તેવું ય થાય. જલદી-જલદીમાં બનાવાતા શાક-રોટલી કે સાંજે ભાખરી-શાક ખીચડીમાં ચલાવી લેવાના ચક્કરમાં 'બેલેન્સ ડાયેટ'નો કન્સેપ્ટ જ મૂળથી હલી જાય. આમ તો રોજના ભોજનમાં પાંચ આહાર-જૂથોનો સમાવેશ કરવા અનિવાર્ય છે. આ પાંચ આહાર-જૂથોમાં અનાજ, દાળ-કઠોળ, ફળ, શાકભાજી અને દૂધ અને દૂધની બનાવટોનો સમાવેશ થાય છે પણ કાંઇક તો સમયના અભાવે કે આળસને લીધે અમુક વસ્તુઓ થાળીની અંદર હોવાને બદલે બહાર જ રહી જાય છે.



વનિતા વિશ્વ

આજે આપણે એવી કેટલીક હેન્ડી ટિપ્સ જોઇશું કે જેથી રસોઇમાં વધુ સમય-શક્તિ ખર્ચ કર્યા વગર પણ પોષકતત્ત્વો ભરપૂર માત્રામાં મળી રહે. શરૂઆત લોટથી કરીએ. આજકાલ ઝીણા દળેલા લોટ ખાવાનું ચલણ વધુ છે પરંતુ જાડો-કરકરો દળેલો લોટ પોષકતત્ત્વોથી ભરપૂર હોય છે. કેમ કે લોટને ઝીણો દળતી વખતે તેમાં રહેલા પોષકતત્વો અને ખાસ કરીને બી જૂથના વિટામીન ગરમીને લીધે નાશ પામી જાય છે પણ કરકરો લોટ વિટામીનથી સમૃદ્ધ હોય છે. એટલે શક્ય હોય તો ભાખરી, મૂઠિયા, નાસ્તાના સક્કરપારા-પૂરી, બાટી વગેરે બનાવતી વખતે ઝીણાં લોટને બદલે જાડો-કરકરો લોટ વાપરવો જોઇએ.

ઘઉંના ફાડા કે દલિયા પણ બહુ જ પોષક છે. સામાન્ય રીતે આપણે રવાનો શીરો અને ઉપમા બનાવતા હોઇએ છીએ. હવે તો વર્મીસેલી ઉપમા પણ લોકો ખાતા થઇ ગયા છે. વર્મીસેલી અને રવો બંને રેષા અને બી જૂથના વિટામીનના સમૃદ્ધ નથી. જ્યારે ફાડા કે દલિયા ખૂબ પોષક છે. એટલે રવાનું રિપ્લેસમેન્ટ જો ફાડા કે દલિયાથી કરીને ખારા દલિયા, વેજ દલિયા, ઓરમું કે ફાડા લાપશી, દલિયાની ખીર, વેજ થૂલી જેવી વાનગી બનાવીએ તો એટલા જ સમય-શક્તિ-ખર્ચમાં વધુ પોષણ મળી શકે.

દાળ-કઠોળ ચડવામાં વાર લાગે એટલે નોકરિયાત ગૃહિણીઓ ઘણી વખત રોજિંદા ભોજનમાંથી તેની બાદબાકી કરી દે છે. જો રાત્રે સૂતાં પહેલાં રોજ થોડા દાળ-કઠોળ પલાળી દેવામાં આવે તો સવારે ફટાફટ ચડી જાય. આટલું જ નહીં, પલાળેલાં દાળ-કઠોળનું પ્રોટીન શરીરમાં વધુ સારી રીતે વપરાય છે. એટલે સમય-શક્તિની સાથે ગેસની બચત અને પોષણનો ફાયદો !

ગુજરાતી દાળને બદલે દાલ ફ્રાય કે પંજાબી સ્ટાઇલ દાળ પર સ્વીચઓવર કરવા જેવું ખરું. ગુજરાતી સ્ટાઇલ દાળ પાતળી હોય છે અને પ્રોટીન ઓછું આપે છે. જ્યારે પંજાબી સ્ટાઈલ દાળ કે દાલફ્રાય જાડી હોય છે અને દરેક સર્વિંગ દીઠ વધુ પ્રોટીન આપે છે. સ્વાદ તો સરસ હોય જ છે. એટલે ટ્રાય કરવા જેવી ખરી.

ખીચડી આમ તો આપણી રોજિંદી વાનગી છે અને પોષક પણ છે. દાળ-ચોખાની આ વાનગી પ્રોટીન-કાર્બોદિત તો પૂરા પાડે છે પણ વિટામીન ખાસ નથી મળતા. વેજિટેબલ ખીચડી એ બેલેન્સ ડાયેટ તરીકે ખરેખર બેસ્ટ ફૂડ છે. મગ કે તુવેર દાળ સિવાયની દાળ પણ ઉમેરી શકાય. સીઝનલ શાક ઉમેરી દેવાય. વિના ખાસ મહેનતે એકદમ ટેસ્ટી અને પોષક એવી વેજ ખીચડી તૈયાર થઇ જાય.

સોયાબીન સાથે આમ તો ગુજરાતીઓને ખાસ ફાવતું નથી પણ સોયાવડી કે સોયા નગેટ્સ ખાવી જેવી વસ્તુ છે પણ એને કેમ વાપરવી એ કોયડો લાગતી હોય છે. સોયાવડી તરત પલાળી જાય છે અને ચડી જાય છે. તેને ખીચડી, કોઇપણ સબજી કે પુલાવમાં ઉમેરી શકાય છે. આ ખરેખર ખૂબ પોષક અને પ્રોટીનથી ભરપૂર છે.

લીલા શાકમાં બટેટા ઉમેરવા એ આપણી આદત બની ગઇ છે. બટેટા ઉમેરવાથી લીલું શાક ખાવાની ક્વોન્ટિટી ઘટી જાય છે અને બીજી બાજુ બટેટામાંથી કોઇ ખાસ પોષકતત્ત્વો મળતા નથી. આથી બટેટાને બદલે જો સોયાબીનની વડી વાપરીએ તો એક પોષક અને સ્વાદિષ્ટ વિકલ્પ મળી રહે છે.

– **ડૉ. પ્રીતિ દવે**, જન્મભૂમિમાંથી સાભાર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય


જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

## ધર્મસંદેશ - ૧૨૧





રચયિતા : જયકાંત મોતા -
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

### આડી ચાવીઓ -

[૧] જિનાલય માં ધજા ચડાવતી વખતે આ પૂજા હોય (૫); [૩] — ભૈરવ, એક દેવ (૩); [૫] સાધુ, સાધ્વીઓના — નો લોચ થાય (૨); [૬] દાન કરવાના ક્ષેત્રો — છે (૨); [૭] — સારા રાખો તો ભવ સુધરે (૨); [૮] ત્રણ પ્રદક્ષિણા માની એક (૩); [૯] ઉત્તર ગિજરાતમાં આવેલ અજિતનાથનું તીર્થ (૨); [૧૧] જ્ઞાન — પ્રકારના છે (૨); [૧૨] પ્રભુને પૂજા કેટલા અંગે થાય (૨); [૧૪] પર્યુષણ એ — નું પર્વ છે (૪); [૧૬] જૈન ધર્મની એક ભાષા (૩); [૧૮] મુગટ એ ભગવાન નું એક — છે (૪); [૨૦] મુનિસુવ્રત સ્વામીનું લાંછન (૩); [૨૨] આ ચાર છે (૨); [૨૩] મહાવીર સ્વામીના વખતના મુખ્ય સાધ્વીજી (૫); [૨૫] અમે અમારા પ્રભુજીને સોનાથી સજાવીશું, સોનુના મળે તો અમે — થી સજાવીશું (૨); [૨૮] અહીં સંભવનાથનું રથવાળું જિનાલય છે (૨); [૨૯] એક ભગવાન ની પૂજા(૩); [૩૦] મહાવીર સ્વામીની નિર્વાણ ભૂમિ (૪); [૩૧] ફાલના પાસે આવેલ મનમોહન પાર્શ્વનાથ નું તીર્થ (૨)

(ઉકેલ અન્યત્ર)

### ઊભી ચાવીઓ -

[૧] ગીરનારની યાત્રા આના દર્શન વગર અધુરી ગણાય (૫); [૨] કોઇ પણ જાતના —ને જૈન ધર્મ અસ્વીકારે છે (૪); [૩] આદીનાથનું લાંછન (૩); [૪] સાધુ-સાધ્વી ઓનો ઓઘો (૫); [૧૦] સાથીયો કરવા વપરાય (૩); [૧૩] ગૌતમ સ્વામીના પિતાનું નામ (૪); [૧૫] કાર્તકીપૂનમ ના દરેક જિનાલયમાં દર્શન માટે શત્રુંજયનો — રાખવામાં આવે (૨); [૧૬] દરેક જિનાલયમાં ભગવાનની — પ્રતિષ્ઠા થયેલી હોય (૨); [૧૭] તેરા તીર્થમાં શામળીયા પાર્શ્વનાથનું — નું દેરાસર છે (૨); [૧૮] જૈન ધર્મના મુખ્ય શાસ્ત્ર ગ્રંથ (૩); [૧૯] —, મન, ધન પ્રભુના ચરણોમાં (૨); [૨૦] આ રંગના પાત્રા અચલગચ્છના સાધુ-સાધ્વીઓના હોય (૨); [૨૧] વ્યાખ્યાન એટલે જૈન ધર્મનો — (૨); [૨૩] વાસુપૂજ્ય સ્વામીના પાંચે કલ્યાણકો આ ભૂમિ ઉપર થયા છે (૪); [૨૪] શ્રવણ બેલગોડા માં આમની મોટી મુર્તિ છે (૪); [૨૬] આ તપ માં બે વખત જ જમાય (૩); [૨૭] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૨)

## વિસ્મય વત્તા વિસ્મય... ગુણ્યા વિસ્મય એટલે....

***આપણી સમજણ ફક્ત છે બંધ તાળાની રમત***
***કેટલા યુગો થયા પણ ક્યાં હજુ ચાવી મળે ! - જોગી જસદણવાળા***

વિશ્વ અકળ અને રહસ્યમય છે. ગણિતમાં ને વિજ્ઞાનમાં ગમે એટલી મહારથ હાંસલ કરીએ તો પણ કેટલીક ઘટના પલ્લે પડતી નથી. કેટલુંક સમજાય છે અને કેટલુંક સમજ્યા વગર સ્વીકારી લેવું પડે છે. નાનાં-મોટાં આશ્ચર્યથી સૃષ્ટિ ભરપૂર છે. કુદરતી શક્તિ કશુંક એવું કામ કરે છે, જે આપણાં ધારાધોરણ અને ધારણાની બહાર હોય.

કેટલાક શિશુસહજ દૃષ્ટાંત સાથે વાતને સ્પષ્ટ કરીએ. અન્ય કોઈ ફૂલ નહીં, માત્ર સૂરજમુખીનું ફૂલ જ કેમ સૂરજના સ્થાન પ્રમાણે ફરે છે. ફ્લેમિંગો, આર્કટિક ટર્ન જેવાં સેંકડો પક્ષીઓ પાંચથી વીસ હજાર કિલોમીટરનો લાંબો પ્રવાસ કરી નિયત સ્થળે પહોંચી જાય છે. નથી એમની પાસે કોઈ નકશો કે નથી હોતી એમના પાસે કોઈ જીપીએસ સિસ્ટમ ! ઉપર આકાશમાં કોઈ માઈલસ્ટોન પણ લટકતા નથી હોતા કે ખબર પડે કે કચ્છનું રણ હવે માત્ર બસ્સો કિલોમીટર દૂર છે.

યાયાવર પંખીઓની જેમ મોનાર્ક પતંગિયાં પણ હજારો માઈલ ઊડીને બીજા સ્થળે જાય છે. કમાલની વાત એ છે કે આ પતંગિયાનું આયુષ્ય માંડ છએક મહિનાનું હોય છે અર્થાત્ અન્ય સ્થળે પહોંચીને એ પાછું ફરી શકવાનું નથી, છતાં આ મોનાર્ક પતંગિયાની બીજી પેઢી મમ્મી-પપ્પાના હવાઈ નકશેકદમ પર મૂળ સ્થળે પાછી ફરે છે.

(અનુસંધાન પાના નં. ૧૬ ઉપર)

# ઈશ્વરનો ઉપકાર

– ગિરીશ ગણાત્રા



ઘણા વખત પહેલાંની વાત છે. રમેશ અને વિપુલ ગાઢ મિત્રો. સ્કૂલમાં એક જ ક્લાસમાં ભણે; સાથે ભણવા જાય, લેસન કરે અને સાથે જ રમવા જાય. કોઈ તહેવારને દિવસે બંને મંદિરમાં પગે લાગવા ગયા. રમેશ કહે - ''આજે હું ભગવાન પાસે કશું માંગીશ.'' વિપુલ કહે - ''હું પણ માગીશ.''

બંનેએ શાંતિથી પ્રાર્થના કરી અને પછી ઈશ્વર પાસે મનમાં ને મનમાં કંઈક માગ્યું, રમેશ કહે - ''વિપુલ, તેં શું માંગ્યું ?''

''અરે ગાંડા, ઈશ્વર પાસે આપણે જે કંઈ માગ્યું હોય તે કોઈને કહેવાતું હશે ? એ તો ખાનગી રખાય.''

''હું તો કોઈ વાત ખાનગી રાખતો જ નથી. મેં જે માગ્યું તે હું તને કહીં જ દઉં છું, બીજાને ભલે કહું કે ન કહું. સાંભળ મેં શું માગ્યું તેં ખબર છે ? મેં તો ભગવાનને કહ્યું કે હું ખૂબ ભણું, સારા માર્ક્સે પાસ થાઉં અને પછી ડૉક્ટર બનું. ડૉક્ટર બનીને ખૂબ ખૂબ પૈસા કમાઉં અને બંગલો-ગાડી ખરીદું. એ પછી હું પરણું. ખૂબ ખૂબ સુંદર, રૂપાળી, એક્ટ્રેસ જેવી પત્નીની સાથે લગ્ન કરું. અમને બે દીકરા ને એક દીકરી થાય. મોટા દીકરાને હું ડૉક્ટર બનાવું અને નાનાને એન્જિનિયર, દીકરીને નૃત્ય-સંગીતની તાલીમ આપું અને દેશભરમાં એના નામના ડંકા વાગે....''

''પછી ?''

''પછી શું ? આટલું આપણી પાસે હોય તો ઘણું ઘણું.... પણ વિપુલ તેં શું માંગ્યું તે તો કહે, આપણે તો ગાઢ મિત્રો છીએ.''

''હમણાં નહીં, વખત આવે ત્યારે કહીશ.''

બંને મિત્રોએ શાળાનો અભ્યાસ પૂરો કર્યો અને પછી કૉલેજમાં દાખલ થયા. રમેશ હોશિયાર હતો પણ મેડિકલ લાઈનમાં જવા એના માર્ક્સ ખૂટ્યા એટલે એણે બી.એસસી. કર્યું. બી.એસસી. થઈને એક દવાઓ બનાવતી કંપનીનો રીપ્રેઝેન્ટેટિવ બન્યો. જ્યારે જ્યારે એ ટ્રાવેલિંગ કરતો ત્યારે હંમેશાં ભગવાનને કોસતો - ''અરે ઈશ્વર! આ તેં શું કર્યું ? ડૉક્ટર બનાવવાને બદલે મને તેં દવાની કંપનીનો સેલ્સમેન બનાવી દીધો.

રમેશ થોડું કમાતો થયો એટલે એના મા-બાપે એને માટે કન્યા શોધી. કન્યા નામે રૂપા, પણ એ રૂપાળી નહોતી. ઘઉંવર્ણી અને નમણી. એ ડાહી હતી, હોશિયાર હતી અને ઘરરખ્ખુ હતી. તેની ન્યાતમાં સૌ એના ખૂબ જ વખાણ કરતાં. એક દવાની કંપનીમાં નોકરી કરતા યુવાનને રૂપરૂપના અંબાર જેવી, નમણી નટી જેવી યુવતી થોડી મળવાની ?

સૌએ રૂપાનાં વખાણ કર્યાં એટલે એ એને પરણી ગયો. પરણ્યા પછી રૂપાએ ઘર-વ્યવહાર સંભાળી લીધો. એની રસોઈનો સ્વાદ, વ્યવહારકુશળતા અને જીભની મીઠાશ સૌને ભાવી ગયાં. રમેશે ફરી ઈશ્વરને યાદ કર્યા - 'અરે ભલા ભગવાન, ડૉક્ટર ન બનાવ્યો તો કંઈ નહીં, પણ રૂપાળી પત્ની તો દેવી હતી કે જેથી બધા મારી અદેખાઈ કરે.'

*રે! ભાઈ, અમે ફેસબુકિયા ફ્રેન્ડ, લંગોટિયો યાર અને નિશાળિયો દોસ્ત ભૂલી,*
*અપનાવ્યો આધુનિક ટ્રેન્ડ, રે! ભાઈ, અમે ફેસબુકિયા ફ્રેન્ડ*

રમેશ-રૂપાના લગ્નજીવનમાં ત્રણ સંતાનો થયાં - બે છોકરાં અને એક છોકરી. રમેશ ખુશ થયો. ચાલો, ભગવાને એક ઈચ્છા તો પૂરી કરી. હવે હું મોટા છોકરાને ડૉક્ટર બનાવીશ, નાનાને એન્જિનિયર અને પુત્રીને નૃત્ય-સંગીત-વિશારદ.

પણ મોટો છોકરો ભણવામાં નબળો નીવડ્યો. જેમતેમ કરીને એણે કોલેજમાં બે-ત્રણ વર્ષ કાઢી નાખ્યાં અને છેવટે દવાની દુકાન શરૂ કરી. નાનો નાટક-ચેટકમાં અટવાયો અને પછી મોટા ભાઈની સાથે દુકાનમાં ગોઠવાઈ ગયો. બંને ભાઈઓએ ધંધાને ખૂબ જ વધાર્યો. સારું એવું કમાયા અને એક મોટો ફ્લેટ ખરીદી લીધો. નાની દીકરી નાનપણથી જ પોલિયોનો ભાગ બની હતી એટલે નૃત્યમાં તો પારંગત ન થઈ શકી પણ સંગીતમાં એણે નામ કાઢ્યું. અલબત્ત, ઓપરેશન કરાવી એણે પોતાનો પગ સીધો કરી લીધો પણ નૃત્યનું નામ તો એ ન જ લઈ શકી.

રમેશે ફરી ઈશ્વરને સંભાર્યો - 'અરેરે ભગવાન! શું ધાર્યું હતું અને શું થઈ ગયું! તું ઘણાની ઈચ્છાઓ પૂરી કરે છે પણ મારી એકેય ઈચ્છા પૂરી ન કરી? મારો મિત્ર વિપુલ સુખમાં આળોટે છે અને હું? તેં તો મને દુ:ખી દુ:ખી કરી મૂક્યો.'

સતત ઈશ્વરને યાદ કરતો રહેતો, એને અન્યાયી ઠેરવતા રહેતો. રમેશ એક રાત્રે ઊંઘમાં હતો ત્યારે એને સ્વપ્નમાં ઈશ્વર દેખાયા.

''અરે પ્રભુ, તમે! તમે કેવા નિર્દય છો! મારી જિંદગી ધૂળધાળી કરી નાખી. તમારી પાસે મેં માગ્યું હતું શું અને આપ્યું શું? મારી એકેય ઈચ્છા તમે પૂરી ન કરી...''

''અને તેં પણ ક્યાં મારી ઈચ્છા પૂરી કરી છે?'' ઈશ્વરે હસતાં કહ્યું.

''તમે? તમારી વળી મારી પાસેથી શું ઈચ્છાપૂર્તિ હોઈ શકે?''

''કેમ? તું માનવ નથી? તને માનવજન્મ નથી મળ્યો? મેં તો તને ઘણું ઘણું આપ્યું છે.''

''માફ કરજો પ્રભુ, પણ તમે મને કશું આપ્યું નથી...''

''તું સારું એવું નથી ભણી શક્યો? તારી જેમ કેટલા માણસો કેળવણી પામી શક્યા છે? જે કેળવણી દ્વારા તમે આજીવિકાનું સાધન ઊભું કરી શકો એ સાચી કેળવણી. ડૉક્ટરી વિદ્યા દ્વારા તું કમાઈ શક્યો હોત પણ આજે દવાની એક કંપનીના રિજીઓનલ મૅનેજર તરીકે કમાય છે ને! તને ડાહી, ઘરરખ્ખુ, આદર્શ પત્ની આપી એ ઓછું છે? તારા પુત્રો કમાતા નથી? તું જે ફ્લેટમાં રહે છે તે તારા પુત્રોની કમાણીમાંથી જ ઊભો થયો છે ને! તારી પુત્રીએ સંગીતમાં નામ કાઢ્યું છે, રામ રશિયા કલાકાર જોડે પરણી છે... મેં તને આ જિંદગીમાં કેટલું બધું સુખ આપ્યું છે!''

''પણ મારી ઈચ્છા મુજબ તો નહીં ને?''

''વધુ પડતી અપેક્ષા જિંદગીને ખારી બનાવે છે. અપેક્ષાના ઘોડાઓને લગામ હોતી નથી, તારી વધુ પડતી અપેક્ષાએ તને દુ:ખી બનાવ્યો છે. અપેક્ષાઓ પૂરી ન થાય ત્યારે નિરાશા થાય. તું તારી જાતે જ, આટલા સુખ વચ્ચે દુ:ખી છે. હવે તું તારા મિત્રને પૂછી જો કે એણે શું માગ્યું હતું!''

''એણે શું માગ્યું હતું, પ્રભુ?''

''એણે મારી પાસેથી એવું માગ્યું હતું કે..''

પવનના એક જોરદાર ઝપાટાથી બારી અથડાઈ અને એના અવાજથી રમેશ જાગી ગયો, પેલો પ્રશ્ન તો અધૂરો રહી ગયો!

બીજે દિવસે એ વિપુલ પાસે ગયો અને કહ્યું, ''વિપુલ, આટલાં વર્ષો પછી હવે તો તું મને કહે કે એ દિવસે મંદિરમાં તેં પ્રભુ પાસેથી શું માગ્યું હતું!''

વિપુલ ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, ''મેં તો પ્રભુ પાસેથી કશું નહોતું માગ્યું. મેં એટલી

*ટાઈમ નહીં, તોય કેવા પોતાની ટાઈમલાઈન પર,*
*જાતજાતનું કરવાનું પોસ્ટ, રિક્વેસ્ટ જો આવે તો થોડુંક ચકાસીને, થઈ જાતા કાયમના દોસ્ત.*
*ફોટાને ક્લીક કરી, વીડિયો રેકોર્ડ કરી, પળભરમાં કરવાનું સેન્ડ, રે! ભાઈ, અમે ફેસબુકિયા ફ્રેન્ડ*

જ પ્રાર્થના કરેલી કે તું જે કંઈ મને આપશે તેને આશીર્વાદ સમાન ગણીને અપનાવી લઈશ.''

''પણ ઈશ્વરે તને ઘણું ઘણું સુખ આપ્યું છે.''

''એ તું માને છે. જોકે હુંયે એમ જ માનું છું. ઈશ્વરે મને કંઈ તારા કરતાં વધારે સંપત્તિ આપી નથી. હું સારા પગારે નોકરી કરું છું. છોકરાઓ એની મેળે પગભર થઈ ગયા છે. એક નાનકડું ઘર છે. તારાં ફ્લેટ જેવો મોટો ફ્લેટ તો નહીં, પણ સૌ સાથે હળીમળીને રહી શકીએ એવડો મારો ફ્લેટ નાનો છે પણ અમારાં કોઈનાં દિલ નાનાં નથી, સૌ સંપીને રહીએ છીએ અને ખાધેપીધે સુખી છીએ. આથી વધુ સુખની અપેક્ષા કઈ હોઈ શકે ?''

રમેશ હવે સુખી છે. એ ઈશ્વરને કોસતો નથી, એને આ જિંદગીમાંથી જે પ્રાપ્ત થયું છે એને એ હવે ઈશ્વરનો ઉપકાર ગણે છે, કારણ કે 'સુખ'ની વ્યાખ્યા બાંધી શકાતી નથી. જે મળ્યું તેનાથી રાજી રહે તે સુખી અને ન રહે તે દુઃખી.

***

## વિસ્મય વત્તા વિસ્મય... ગુણ્યા વિસ્મય એટલે.... (પાના નં. ૧૩ થી ચાલુ)

વનસ્પતિની લાખો જાતિ, પ્રાણીઓની અનેક પ્રજાતિ સૌપ્રથમ કઈ રીતે અસ્તિત્વમાં આવી હશે ? જે આપણા પેટની આગ ઠારે છે એ ઘઉંનો કે ચોખાનો પહેલો દાણો આ અન્ય ગ્રહથી ઈમ્પોર્ટ થયો હશે કે પૃથ્વી પર સ્વયં ઊગ્યો હશે ?

કાળમીંઢ પથ્થરને ભેદીને એક નાનકડી કૂંપળ માથું બહાર કાઢે એ તો પરમ આશ્ચર્ય છે. ખુલ્લા પગ તળે એક સેકન્ડમાં કચડાઈ જાય એવી આ નાજુક-નમણી કૂંપળ પથ્થરને તોડી કઈ રીતે બહાર આવતી હશે એ સમજાતું નથી.

આખી સૃષ્ટિ ચલાવવાની જવાબદારી જેના માથે હોય એ કુદરતને પતંગિયા પર રંગોની રંગોળી પૂરવાનો સમય ક્યારે મળતો હશે !

ભરતી અને ઓટના સમયે મોજાંને રિંગમાસ્ટરની જેમ કયું પરિબળ ઉછાળતું કે શમાવતું હશે. અહીંયા એક ઘરમાં પતિ-પત્ની વચ્ચે મેળ બેસાડવામાં વરસો વીતી જાય છે ત્યારે જોજનો દૂર ચંદ્રનો દરિયા સાથેનો તાલમેલ કઈ રીતે સધાતો હશે ?

મેડિકલ સાયન્સમાં પ્લેસબો ઈફેક્ટ પ્રખ્યાત છે. આ કરામતમાં ડૉક્ટર દરદીને દવાની બદલે દવા જેવી જ દેખાતી સુગર કોટેડ ટીકડી આપે છે, બાળકોને લલચાવવા જેમ આપણે ચૉકલેટ આપીએ એમ. હાડોહાડ દવા જેવી દવા દેખાય, પણ એનું પોત પિયરનું હોય. દરદી એને દવા માની ખાય અને સાજો પણ થાય. ખરેખરી દવા ન લીધી હોવા છતાં એ કઈ શક્તિ છે, જે દરદીને સાજો કરે છે ?

ઉત્તર એટલાન્ટિક સમુદ્રમાં એક વિસ્તાર બર્મુડા ટ્રાયેન્ગલ તરીકે ઓળખાય છે. એને ડેવિલ ટ્રાયેન્ગલ પણ કહે છે. આ વિસ્તારમાં આખા ને આખા વહાણ ગુમ થઈ જાય છે અને અનેક વિમાનોએ અકસ્માત વહોરી લીધા છે. કારણોના મતમતાંતર વચ્ચે પણ દુર્ઘટનાઓ આ વિસ્તારમાં બનતી જ રહી છે.

ગર્ભમાં બાળકનું બંધારણ ઘડાતું હોય ત્યારે હૃદયની જગ્યાએ હૃદય અને મગજની જગ્યાએ મગજ કઈ રીતે ગોઠવાનું હશે ? નાના-મોટા અનેક અવયવની ગોઠવણી, રક્તવાહિનીની પાઈપલાઈન કઈ રીતે તૈયાર થતી હશે ? માના ગર્ભાશયમાં પિંડ વિકસતો હોય ત્યારે કઈ ક્ષણે અને કેવી રીતે એમાં જીવ ઈન્જેક્ટ થતો હશે...

શિશુસહજ જણાતા આવા બધા પ્રશ્નોના જવાબ દેખાય એટલા સહેલા નથી. પરમશક્તિ, દૈવીશક્તિ, ઈશ્વર કે કુદરતે બંધ મુઠ્ઠીમાં એટલાં રહસ્ય ભર્યાં છે કે એમને ઉકેલતાં ઉકેલતાં સદીઓની સદીઓ ઉકલી જાય.

મૂળ વાત એ છે કે જિંદગીની મજા તાળું ખોલવામાં નથી, ચાવી શોધવામાં છે.

**- હિતેન આનંદપરા** ***(ચિત્રલેખામાંથી સાભાર)***

*વાહ-વાહ! વેરી ગુડની અમથી કમેંટ કરી, કરવાનું શેર જે ગમતું, ધડ ધડ બસ લાઈક કરી,
ટેગ કરી, હાઈડ કરી, મન જાણે એમાં જ ભમતું. વાસ્તવિક જીવનની લાગણીની માગણીનો,
લાવી દેવાનો બસ એન્ડ, રે! ભાઈ, અમે ફેસબુકિયા ફ્રેન્ડ.... આશા પુરોહિત*

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન યુવા મંડળ

શ્રી કુંથુનાથ જિનાલયની ૧૭મી ધ્વજા મહોત્સવ નિમિત્તે યુવા મંડળ દ્વારા જીવદયાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેના અંતર્ગત બાંજારી ધામ ગૌશાળામાં ૪૦૦ ગોવંશ ને ગોળ, રોટલી, કેળા, ઘાસચારો ખવડાવવામાં આવેલ. જેમાં જીવદયા કાર્યક્રમની વ્યવસ્થામાં યુવા મંડળના સદસ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળના અધ્યક્ષે સમાજના દાતાશ્રીઓ અને યુવા મંડળની ટીમનો આભાર માનેલ અને ભવિષ્યમાં પણ જીવદયાના કાર્યક્રમને આગળ લઈ જવા શુભકામના આપેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના ૨૭-૫-૨૦૧૮ના રાતના ૯ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ મધ્યે રાખવામાં આવેલ છે. જેનો સંપૂર્ણ લાભ શ્રીમતી રાજશ્રી પરેશ દંડ પરિવાર, સુથરીવાળાએ લીધેલ છે. રીધ્ધી સીધ્ધી મંડળ ભાવનામાં પધારશે. ત્યારબાદની ભાવના ૨૪-૬-૨૦૧૮ના છે. જેનો લાભ એમ જે. ગ્રુપ વાળાએ લીધેલ છે.

### શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ૧૦૨ નોટ આઉટ

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ૨૪-૦૫-૨૦૧૮ના રાતના ૧૦ કલાકે મધુબન થીયેટરમાં મંડળના પરિસરમાં વસતા જ્ઞાતિજનો માટે '૧૦૨ નોટ આઉટ' ચલચીત્રના શોનું આયોજન કરવામાં આવ્યું હતું. ચલચીત્ર શરૂ કરતા પહેલા અત્રે કે.ડી.ઓ.નું ગીત સંભળાવવામાં આવ્યું હતું. આ પીક્ચરમાં ત્રણ પેઢીનું ચિત્રણ છે. બાળક મોટું થઇ, ભણેગણે, વેલસેટ થઇ પરદેશ જાય અને માતાપિતા ઘરે અથવા વૃધ્ધાશ્રમમાં એકલા રહે તો યું થાય ? એવો સુંદર અને સરસ મેસેજ આપતું ચલચીત્ર છે. મંડળે ખાસ કન્સેશન ભાવથી સ્ટૉલના ૬૦/- તેમજ બાલ્કની રૂા. ૯૦/- ના દરે જ્ઞાતિજનો માટે આયોજન કર્યું હતું. મહિલા મંગલ મંચના સભ્યો, મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ કાર્યકર્તાઓ, દાતા પરિવારો અને શ્રેષ્ઠીવર્યો માટે નિશુલ્ક (ફ્રી) વી.આય.પી. પાસ આપવામાં આવ્યા હતા.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ


### વડોદરા શ્રી સંઘમાં ચાતુર્માસના વધામણા !

વડોદરા તીર્થમંડણ શ્રી વાસૂપૂજ્ય દાદાની વરસતી અનરાધાર કરૂણાથી પરમ વિદુષી પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સરળહૃદયા પૂ. સા. શ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ. સા. શ્રી કૈવિલ્યપ્રિયાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી જિપ્રિયાશ્રીજી મ.સા. આદિઠાણાનું ચાતુર્માસ મળથા શ્રી સંઘમાં આનંદ પ્રસરી રહ્યો છે. પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ ૧૪-૭-૨૦૧૮ના થશે.

### અભિનંદન



**શ્રી ડૉલર પ્રતાપ શાહ (લોડાયા)**

સુથરી - મુલુંડ

અનેક વર્ષોથી રોટેરિયન તરીકે કાર્યરત શ્રી ડૉલરભાઈની રોટરી ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીક ૩૧૪૧ (મુંબઈ અને પરાં)ના વર્ષ ૨૦૧૮-૧૯ માટે આસીસટન્ટ ગર્વનર તરીકે નિયુક્તિ થઇ છે.

---

**ભુલ સુધાર :** અંક નં. ૧૯ તા. ૭ મે થી ૧૩ મે ૧૮ માં પાના નં. ૧૧ ઉપર છપાયેલી વિગત સુધારી નીચે મુજબ વાંચવી. શ્રીમતી નલિનીબેન ગુલાબચંદ નારણજી પોલડીયા - કચ્છ-બાયઠ. રૂા. ૧,૦૦,૦૦૦/- કાયમી અનામત ફંડ - વ્યાજની રકમ પ્રતિવર્ષ બાયઠ ગામના વિદ્યાર્થીઓને શાળા ફી સહાય અર્થે વાપરવાની શરતે ભેટ.

### પ્રકાશ સમીક્ષાનો બેન્ક એકાઉન્ટ નંબર બદલાયો છે.

પ્રકાશ સમીક્ષાના અરિહંત બેંકમાં ખાતા નંબર અને બ્રાંચનું સ્થળ બદલાયાં છે જેની કૃપયા નોંધ લેશોજી.

For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |
| Name of the Account | : Shri C D O Prakash Samiksha Samiti |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **સુનીલ વાલજી ખોના** (PS 966) | ૧૮, ગુરૂજ્યોત, પાચમે માળે, મહાત્મા ફુલે રોડ, ન્યુ ઈન્ડીયા કો-ઑપ. બેંકની ઉપર, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. Sunil 9820191985, Bhavana 9619119198, Ankit 9920191985, Usha 9833261558 |
| **અશોક કાનજી દંડ** (PS 5181) | રૂમ ૩૦૪, ન્યુ હરકુ નિવાસ, વિસ્ટા ગ્રીન એપાર્ટમેન્ટની સામે, મ્હાત્રે વાડી, કર્વે રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો. : 090992 13651 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૩-૧૮ | મુલુંડ | દેવર્સ, જસ્મીના હેમંત બોરીચા | બાયઠ | પુત્ર |
| ૨૫-૦૪-૧૮ | વડાલા | મોક્ષ, તોરલ સચિન હીરાચંદ મોતા | લાખણીયા | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૫-૧૮ | ચેન્નાઈ | મેહુલ અરુણ પાશ્વીર ધરમશી | તેરા | ૨૮ |
| | ચેન્નાઈ | પ્રાચી રૂપેણ ચંદ્રકાંત શેઠ | વાંકાનેર | ૨૬ |

### લગ્ન

| | | | |
|---|---|---|---|
| નવી મુંબઈ/યુએસએ | જીતેન સુનીલ પ્રેમચંદ ભગત ધરમશી | જખૌ | - |
| હૈદરાબાદ | અંકીતા પરેશ મણીલાલ મોતા | કુઆપધર | - |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૫-૧૮ | સીવુડ્સ | રોનક મહેન્દ્ર વિસનજી મોતા | નલિયા | ૩૦ |
| | ડોમ્બીવલી | ઝીલ સુનીલ લાલજી છાવડા | બાડા | ૨૫ |

### લગ્ન છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૩-૧૮ | ડોમ્બીવલી | મયુર ચીમનલાલ ધરમશી | સાંયરા | ૩૮ |
| | - | પેટ્રીશીયા ફર્નાન્ડીસ | | |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૩-૧૮ | હૈદરાબાદ | જ્યોતિ ભૂપેશ દંડ | પરજાઉ | ૪૭ |
| ૧૨-૦૫-૧૮ | છાદુરા | લલીત રાયચંદ ધુલ્લા (હીરાચંદ દંડ) | નલિયા | ૬૭ |
| ૧૩-૦૫-૧૮ | મસ્જીદ બંદર | ગં. રાજબાઈ દુલીચંદ લોડાયા | વારાપધર | ૮૩ |
| ૧૩-૦૫-૧૮ | પુના | પ્રાચી બીરેન નરેન્દ્ર ધરમશી | તેરા | ૪૪ |
| ૧૬-૦૫-૧૮ | મસ્જીદ બંદર | કીર્તી સોમચંદ ધરમશી | સેવક ભરૂડીયા | ૫૦ |
| ૧૭-૦૫-૧૮ | કોચીન | તારાબેન જીવરાજ મુલજી ખોના | નલિયા | ૮૮ |

## ધર્મસંદેશ - ૧૨૧ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) સત્તરભેદી (૩) બટુક (૫) વાળ (૬) સાત (૭) ભાવ
(૮) દર્શન (૯) વાવ (૧૧) ચાર (૧૨) નવ (૧૪) ક્ષમાપના
(૧૬) પ્રાકૃત (૧૮) આભૂષણ (૨૦) કાચબો (૨૨) ગતિ
(૨૩) ચંદનબાળા (૨૫) રૂપા (૨૮) પુના (૨૯) બરાસ

ઊભી ચાવીઓ -
(૧) સહસાવન (૨) ભેદભાવ (૩) બળદ (૪) રજોહરણ
(૧૦) અક્ષત (૧૧) વસુભૂતિ (૧૫) પટ્ટ (૧૬) પ્રાણ (૧૭) કાંચ
(૧૮) આગમ (૧૯) તન (૨૦) કાળા (૨૧) બોધ (૨૩) ચંપાપુરી
(૨૪) બાહુબલી (૨૬) બ્યાસણુ (૨૭) ચંપા

## વ્હાલી બહેનને પ્રથમ પુણ્યતિથીએ સ્નેહભીની સ્નેહાંજલિ



ગામ
જખૌ

હાલે
મુલુંડ

# અ.સૌ. તરલાબેન મણિકાંત ધુલ્લા

જન્મ : ૧૨-૦૨-૧૯૪૭ ● અરિહંત શરણ : ૨૧-૦૫-૨૦૧૭

લઈ જાય પ્રભુનો પ્રવાહ ત્યાં માનવી જતો જાય છે,
દિવસો મહિના સાથે વર્ષો વિતતા જાય છે.
છતાં પળે પળે આપની ગેરહાજરીનો અહેસાસ થાય છે,
ને નેણલેથી નીર વહેતા જાય છે.
મોક્ષ ધામમા પામો સુખ-શાંતિ એવા અંતરથી શબ્દો સરકતા જાય છે.
આપની યાદોના સહારે જીવન ચાલતું જાય છે.
જીવન એક સંભારણાનો પુસ્તક બનતું જાય છે.

: લિ. :

માતુશ્રી લક્ષ્મીબેન કેશવજી ચુરલા

રાજેન્દ્ર શિવજી ચુરલા
ગુલાબ ગોવિંદજી ચુરલા
હરિશ ડુંગરશી ચુરલા
ચંદ્રેશ કેશવજી ચુરલા
ઉર્મિલાબેન શરદભાઈ મહેશ્વરી
કુસુમબેન પ્રવિણ દંડ
હિરાબેન નવીન મોમાયા

તારાબેન લહેરચંદ દંડ
સ્વ. ચેતનાબેન નરેશ લોડાયા
ભારતીબેન કેતન બુકસેલર
મયુરીબેન મનોજ દેઢીયા
ધારિણીબેન જીતેન્દ્ર નાગડા
શિલ્પાબેન અજય ગોસલીયા
તેજલબેન પ્રવિણ લાલકા

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (21-05-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રથમ પુણ્યતિથિ એ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૫-૮-૧૯૪૭

અરિહંત શરણ :
તા. ૨૬-૫-૨૦૧૭

## અ.સૌ. લલિતા (અનુપમા) દિનેશ હેમરાજ નાગડા

કચ્છ : સાંધાણ, હાલ : બાગલકોટ

જીવન એવું જીવી ગયા કે ભુલાય નહીં,
વિદાય એવી લીધી કે વિસરાય નહીં,
મન હજી માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી,
આપની યાદ જીવનભર વિસરાય નહીં.

હે દિવ્યાત્મા જ્યાં હો ત્યાં પરમ સુખ, શાંતિ અને ઉચ્ચ ગતી પામો એજ
**સ્વ. હેમરાજ રાઘવજી નાગડા પરિવાર સાંધાણ** (બાગલકોટ) અને
**સ્વ. દામજી દેવશી ખોના પરિવાર** (જખૌ) મુલુંડની પ્રભુ ચરણે પ્રાર્થના.

**આપના શોકાકુલ**

પતી : **દિનેશ હેમરાજ નાગડા**

પુત્ર : **લલિત દિનેશ નાગડા**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,